# એસિડના બેરલથી ભરેલું કન્ટેનર પલ્ટી મારી જતાં રોડ પર ધૂમાડાના ગોટેગોટા

**અમરોલી-સાયણ રોડ** ઉપર એસિડ ઢોળાતા ડરનો માહોલ ફેલાયો હતો કેમકે બેરલ હાઈડ્રોલીક ક્લોરાઈડ નામના અત્યંત જ્વલનશીલ પદાર્થથી લોડ હતું

**મોટા** પ્રમાણમાં ધૂમાડા ઉઠવા લાગતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા થતાં સ્થાનિકોમાં ભાગમભાગ



સુરતઃ અમરોલી સ્થિત સાયણ રોડ ઉપર આજે સવારના સમયે એક એસિડના બેરલથી ભરેલું એક ટેન્કર પલટી મારી જતાં ડરનો માહોલ પેદા થયો હતો. આખું કન્ટેનર લીકવીડ હાઈડ્રોલીક ક્લોરાઈડ નામના અત્યંત જ્વલનશીલ પદાર્થથી ભરેલું હતું જે રસ્તા ઉપર ઢોળાતા તેમાંથી ખુબ મોટા પ્રમાણમાં ઘુમાડા ઉઠવા લાગ્યા હતાં. એટલું જ નહીં આ ઘટનાને પગલે સ્થળ પર હાજર લોકોમાં ભારે નાસભાગ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો. ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર જવાનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને રાહતની કામગીરી શરૂ કરી હતી.

મંગળવારે સવારે 7:30 કલાકે અમરોલી સાયણ રોડ પર આવેલ વેદાંત સર્કલ પાસેથી અંકલેશ્વર તરફ જતું (જીજે-05-બીવી-6378) નંબરના એસિડના બેરેલ ભરેલું કન્ટેનર પલ્ટી મારી ગયું હતું. ઘટનાની જાણ ફાયર કંટ્રોલને કરાતા કોસાડ અને કતારગામ ફાયર સ્ટેશનના ફાયટરો ઘટના સ્થળે પહોંચ્યા હતાં, ફાયર સબ ઓફિસર કાંતિ બગડીયાએ જણાવ્યું હતું કે, એસિડના બેરેલ ભરેલો કન્ટેનર અંકલેશ્વરથી આવ્યું હતું અને હજીરા તરફ જઇ રહ્યું હતું ત્યારે વેદાંત સર્કલ પાસેના વળાંક ઉપર કન્ટેનરનું ટાયર ફાટતા આ કન્ટેનર પલ્ટી મારી ગયું હતું, તેને કારણે એસિડ ભરેલા કેટલાક બેરલો ફાટી ગયા હતા અને એસિડ રસ્તા ઉપર ફેલાઈ ગયું હતું. જેને કારણે આખા વિસ્તારમાં એસિડનો ઘુમાડો પ્રસરી ગયો હતો. લોકોની આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં લેવામાં તકલીફ થવાની ફરિયાદો ઉઠી હતી. ફાયરે બીએસ માસ્ક પહેરીને કામગીરી શરૂ કરી હતી. બાદમાં રસ્તા ઉપર ઢોળાયેલા એસિડ ઉપર પાણીનો ફોર્સ મારતા ઘુમાડો બેસી ગયો હતો. બાદમાં ફાયરની ટીમે ક્રેઈન મંગાવી કન્ટેનરને સીધુ કર્યુ હતું. જોકે સદનસીબે મોટી હોનારત ટળી હતી.

# પાંડેસરામાંથી એકસાથે ચાર બહેનપણીઓ ગુમ થઈ ગઈ

**પોલીસે** તપાસ કરતાં ચારેય ભુસાવલ સ્ટેશન પરથી મળી આવી

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારમાં રહેતી ચાર છોકરી ગઈકાલે એકસાથે ગુમ થતાં પરિવાર અને પોલીસ દોડતી થઈ હતી. જો કે, ચોવીસ કલાકની શોધખોળ બાદ ચારેય છોકરી મહારાષ્ટ્રની ભુસાવલ સ્ટેશનથી મળી આવી છે.

પાંડેસરા પોલીસનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે પાંડેસરા ખાતે રહેતી ધોરણ-11માં અભ્યાસ કરતી છોકરી ગુમ થઈ હતી. છોકરીની તેના પરિવારે શોધખોળ કરી હતી. દરમિયાન તેની બહેનપણી પણ ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. તેની શોધખોળ કરતાં બીજી બે બહેનપણી પણ ગુમ હતી. આ તમામ છોકરીઓ ધો.9થી ધો.11માં અભ્યાસ કરે છે. ચારેક છોકરી ગુમ થયાની ઘટનાથી પરિવારે આસપાસ શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન મંગળવારે તેઓ પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચ્યાં હતાં. પોલીસે ચારેય છોકરીઓની શોધખોળ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમો પણ તેમને શોધવા કામે લાગી હતી. દરમિયાન ચારેય ઉધના સ્ટેશનની બહાર સીસીટીવીમાં જોવા મળી હતી. પોલીસે તપાસ કરતાં ચારેય છોકરીઓ મહારાષ્ટ્રના ભુસાવલ રેલવે સ્ટેશન પરથી મળી આવી છે. પોલીસની ટીમ તેમને પરત લાવી રહી છે. ચારેયનું કાઉન્સેલિંગ કર્યા પછી વધારે માહિતી જાણવા મળશે.

## પ્રેમી સાથે ઝગડો થયા બાદ યુવતીનો ફાંસો

સુરતઃ ભેસ્તાનથી આગળ આવેલ ઉન પાટિયા વિસ્તારમાં સત્યનારાયણ નગર ખાતે રાજા મસ્જીદ પાસે રહેતી પરમજીત મોહકમ પાસવાન(20 વર્ષ) મુળ ઉત્તર પ્રદેશની વતની હતી. હાલ સચીન જીઆઈડીસી વિસ્તારમાં સિલાઈના ખાતામાં નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. પરમજીત પાસવાને આજ રોજ પોતાના ઘરમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સાથે નોકરી કરતા અફસર અંસારી સાથે પરમજીતનો પ્રેમસંબંધ હતો. બંને વચ્ચે કોઈ કારણસર ઝગડો થયા બાદ પરમજીતે આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યાનું કારણ જાણવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

### બેંગકોક-સુરત-બેંગકોક ફ્લાઇટ શરૂ થાય તો સુરત તમામ રેકોર્ડ તોડી શકે

# થાઈલેન્ડ જવા સુરતીઓએ 7-7 એરપોર્ટનો ઉપયોગ કરવો પડે છે

**ટ્રાવેલ્સ** ડેટા મુજબ છેલ્લાં 5 નાણાકીય વર્ષમાં સુરતના 79,548 પેસેન્જરે બેંગકોક જવા મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, કોલકાતા, બેંગ્લુરુ એરપોર્ટનો ઉપયોગ કર્યો

સુરતઃ સુરત ડાયમંડ બુર્સના સંચાલકો દ્વારા ડાયમંડ અને જ્વેલરીના વેપાર માટે ડિસેમ્બર-2023માં તે સમયના કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સમક્ષ ડેઈલી થાઈલેન્ડની બેંગકોક ફ્લાઈટની માંગ કરવામાં આવી હતી. એ વખતે એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સના અધિકારીઓ સાથે બેઠક પણ યોજી હતી. તેમ છતાં કોઈ એરલાઈન્સે હજી સુધી આ રૂટ માટે તૈયારી દર્શાવી નથી. બીજી તરફ ટ્રાવેલ્સ ડેટા કહે છે કે, છેલ્લા 5 નાણાકીય વર્ષમાં સુરતના પેસેન્જર્સે બેંગકોક જવા મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરૂ, અમદાવાદ, હૈદરાબાદ એરપોર્ટનો ઉપયોગ કર્યો હતો. એક અંદાજ મુજબ સુરત અને એની આસપાસના જેમ જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગકારો, મોબાઈલ સહિત ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સના વિક્રેતાઓ, કલર્ડ સ્ટોનના વેપારીઓ અને ઉનાળુ-દિવાળી વેકેશનમાં પ્રવાસીઓ મળી વર્ષે 1.25 લાખ પેસેન્જર બેંગકોક જવા જુદા જુદા એરપોર્ટનો ઉપયોગ કરે છે. એ જોતાં જો સુરતથી બેંગકોકની વીકમાં 3/4 દિવસ અથવા ડેઈલી ફ્લાઈટ શરૂ થાય તો પણ સારો પ્રતિસાદ મળી શકે છે. ગયા વર્ષે થાઈલેન્ડનાં કોન્સ્યુલ જનરલ સુરત ડાયમંડ એસોસિયેશનની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેમણે કહ્યું હતું કે, જો ભારત સરકાર છૂટ આપતી હોય તો થાઇ એરવેઝ બેંગકોક-સુરત ફ્લાઈટ શરૂ કરી શકે છે. પણ તેમણે બાઈલેટરલ એગ્રીમેન્ટમાં સુરત સ્ટેશનનો ઉમેરો કરવા શરત મૂકી હતી.

સુરતના ટ્રાવેલ એજન્ટ્સનું કહેવું છે કે, વર્ષે બે વેકેશનમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના અંદાજિત 50,000 પેસેન્જર બેંગકોક-પતાયા-ફૂકેટનું પેકેજ લઈ ફરવા જાય છે. થાઈ એર જુલાઈ એન્ડથી અમદાવાદથી બેંગકોકની ફ્લાઈટ શરૂ કરવા જઈ રહી છે. વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ એટ સુરત ગ્રુપ દ્વારા એર ઈન્ડિયા અને ઈન્ડિગોને સુરત-બેંગકોક ફ્લાઈટ શરૂ કરવા રજૂઆત કરી હતી. DGCAના આંકડા મુજબ વર્ષ 2023-24માં દેશનાં તમામ એરપોર્ટ પરથી થાઈલેન્ડ જનારા 12,47,424 મુસાફરે દિલ્હી એરપોર્ટથી થાઈલેન્ડની મુસાફરી કરી હતી. જ્યારે કોલકાતા અને બેંગ્લુરુથી કુલ 6 લાખ પેસેન્જરે મુસાફરી કરી હતી. તો બેંગકોક-સુરત-બેંગકોકની ફ્લાઈટ શરૂ કરવામાં આવે તો સુરતથી રેકોર્ડ બ્રેક પેસેન્જર મળી શકે છે.

**છેલ્લાં 5 વર્ષમાં સુરતના પ્રવાસીઓની બેંગકોકની મુસાફરી**

| એરપોર્ટનું નામ | સુરતી પેસેન્જરની સંખ્યા |
| --- | --- |
| મુંબઈ | 43,884 |
| દિલ્હી | 12,474 |
| અમદાવાદ | 6370 |
| ચેન્નાઈ | 5622 |
| કોલકાતા | 5310 |
| બેંગ્લુરુ | 5057 |
| હૈદરાબાદ | 831 |
| **કુલ** | **79,548** |

# કેનેડાના વિઝાના બહાને 5.49 લાખની ઠગાઈ, દંપતી પૈકી પત્નીની ધરપકડ

**મૂળ** ગાંધીનગરના મહેતા દંપતિએ બનાવટી જોબ લેટર આપી તેમજ બનાવટી LMIA લેટર પણ બતાવ્યો હતો

સુરતઃ અડાજણમાં રહેતા શિક્ષિકા અને તેમની બહેનને કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને રૂ.5.49 લાખ પડાવી બનાવટી જોબ લેટર આપી તેમજ બનાવટી LMIA લેટર બતાવી અમદાવાદનું દંપતિ ફરાર થઈ ગયું હતું. આ ગુનામાં ગઈકાલે પત્નીની પોલીસે ધરપકડ કરી છે.

ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ અડાજણ ચોક્સીની વાડી સામે યોગી કોમ્પ્લેક્ષમાં રહેતા અને નાનપુરા ખાતે કોમ્પ્યુટર ક્લાસ ચલાવતા હેમેશભાઈ બરૂવાલાના પત્ની માનસીબેન (ઉ.વ.36) ખાનગી સ્કુલમાં શિક્ષિકા છે. કેનેડા જવા વર્ક વિઝા મેળવવા તજવીજ કરી રહેલા માનસીબેને વર્ષ 2020માં ફેસબુક પર ફોરીસ પ્રેપ ઈન્ટરનેશનલ પ્રા.લી.ની જાહેરાત જોઈ તેના સંચાલક આકાશ વિનોદકુમાર મહેતા (રહે., સાર્થિક-2, રાજપથ ક્લબની સામે, બોડકદેવ, એસ.જી. હાઈવે, અમદાવાદ તથા મુળ અડાલજ, ગાંધીનગર) અને તેની પત્ની પ્રિયંકાનો સંપર્ક કરી વાતચીત કરી હતી. અને બાદમાં ઓગસ્ટ મહિનામાં તે પતિ સાથે તેમની ગાંધીનગર સેક્ટર 16 સ્થિત ઓફિસે મળ્યા હતા. જ્યાં વીઝા આપવા બાબતે 10 લાખ થશે તેમ કહીને પછી 2 લાખ લીધા હતા. બાદમાં માનસીબેનને જોબ લેટર આપી બીજા મહિને LMIA (લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ) લેટર બતાવી બીજા રૂ.1 લાખ લીધા હતા.

માનસીબેને પોતાની બહેન કાનન મૌલીકભાઈ છાપઘરને પણ કેનેડાના વર્ક વિઝા અપાવવા રૂ.2.49 લાખ લીધા હતા. જોકે, લાંબા સમય સુધી વિઝા નહીં થતા માનસીબેને તપાસ કરી તો જાણવા મળ્યું હતું કે મહેતા દંપતીએ જોબ લેટર આપ્યો છે તે તેમજ જે LMIA (લેબર માર્કેટ ઈમ્પેકટ એસેસમેન્ટ) લેટર બતાવ્યો હતો તે બનાવટી હતો. માનસીબેને પૈસા પરત માંગ્યા તો ધમકી આપી હતી. આ અંગે એકાદ વર્ષ પહેલા ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પોલીસે ગઈકાલે મહેતા દંપત્તિ પૈકી પ્રિયંકાબેન આકાશ મહેતા (ઉ.વ.૩૨, રહે. સાધના એ.ટી.પી.એલ. સોસાયટી, ત્રિમંદિર, અડાલજ ગાંધીનગર) ની ધરપકડ કરી છે.

# શહેરમાં વરસાદની આગાહી વચ્ચે મંગળવારે સુર્યનારાયણે દર્શન આપ્યા

**ઓલપાડમાં** સવારે બે કલાકમાં દોઢ ઈંચ

સુરતઃ હવામાન વિભાગના જણાવ્યા મુજબ જિલ્લામાં આજે વરસાદની આગાહી વચ્ચે ઓલપાડ તાલુકાને બાદ કરતા તમામ તાલુકા કોરાકટ રહ્યાં છે. ઓલપાડમાં સવારે બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની વરસાદની આગાહી યથાવત છે ત્યારે આજે ઉકાઈ ડેમની ઉપરવાસમાં પણ વરસાદનો વિરામ રહ્યો. પરંતુ છેલ્લા બે દિવસમાં પડેલા છુટાછવાયા વરસાદને પગલે હથનુર ડેમમાંથી 24 હજાર ક્યુસેક પાણી છોડાયું હતું. ઉકાઈ ડેમમાં આજે 17 હજાર ક્યુસેક પાણીની આવક સામે 600 ક્યુસેક પાણી છોડાયું હતું. ઉકાઈડેમની સપાટી 307.78 ફૂટ નોંધાઈ હતી.

**સુરતનો વરસાદ : રાત્રે 12થી સવારે 6 કલાક**

સેન્ટ્રલ ઝોન-18-મી.મી
રાંદેર ઝોન-79-મી.મી
કતારગામ ઝોન-09-મી.મી
વરાછા એ ઝોન-14-મી.મી
વરાછા બી ઝોન-01-મી.મી
લિંબાયત ઝોન-નીલ-મી.મી
અઠવા ઝોન-13-મી.મી
ઉધના ઝોન-13-મીમી

## સંક્ષિપ્ત સમાચાર

### ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફુટબોલ ચેમ્પિયનશિપમાં સુરતની ટીમની પહેલી મેચ જામનગરમાં રમાશે



સુરતઃ ગુજરાત ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજીત અંડર 17 ગર્લ્સ ઇન્ટર ડ્રિસ્ટ્રિક્ટ ફૂટબોલ ચમ્પિયનશીપમાં સુરતની ટીમ કોચ ફેનિલ સુરતવાલા,કેપ્ટન કુ. પી. ખાંડેલવાલના નેતૃત્વમાં રમશે. પહેલી મેચ જામનગર અને ત્યારબાદ રાજકોટમાં મેચ રમાશે.

### ચેન્નાઈ ખાતેની ડાન્સ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી ઝળક્યા



સુરતઃ ચેન્નાઈ ખાતે તા.28, 29 અને 30 જૂનના રોજ યોજાયેલી નેશનલ ડાન્સ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ઉગત-કેનાલ રોડ પર તેમજ ભેંસાણ રોડ પાસે, જહાંગીરાબાદ ખાતે આવેલી ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલનાં સીબીએસઈ, જીએસઈબી અંગ્રેજી માધ્યમ અને જીએસઈબી ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જીએસઈબી ગુજરાતી માધ્યમનાં ધોરણ ૪-અ માંથી મેરી પટેલે જ્યુવેલિન કેટેગરીમાં સુવર્ણ પદક, ધોરણ ૬-ડ માંથી હેરીન પટેલે જુનિયર કેટેગરીમાં સુવર્ણ પદક અને ધોરણ ૫-ક માંથી શિવ પટેલે કાંસ્ય પદક મેળવ્યું હતું; જીએસઈબી અંગ્રેજી માધ્યમનાં ધોરણ ૧૨-બ માંથી આર્યા પ્રજાપતિએ યુથ કેટેગરીમાં સુવર્ણ પદક, રોનક ગોસ્વામીએ લેટિન કેટેગરીમાં રજત પદક મેળવ્યું હતું; સીબીએસઈ વિભાગનાં ધોરણ ૯-ડ માંથી કર્તવ્ય સોસાએ સ્ટાન્ડર્ડ કેટેગરીમાં કાંસ્ય પદક અને ધોરણ ૧૦-ક માંથી શુભમ સિંઘે લેટિન કેટેગરીમાં સુવર્ણ પદક મેળવ્યું હતું; આ સિદ્ધિનો શ્રેય શાળાનાં ડાન્સ કોચ જય પટેલ, શાળાનાં સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર, કેમ્પસ ડાયરેક્ટર તથા શાળાનાં ટ્રસ્ટીગણને જાય છે.

### શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા જગન્નાથની યાત્રા કાઢવામાં આવી



સુરતઃ અડાજણ સ્થિત બદ્રિ નારાયણ મંદિર ખાતે શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત પાઠશાળા ના ઋષિ કુમારો તેમજ ભક્ત ગણ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન જગન્નાથ ની યાત્રા કાઢવામાં આવી હતી અને ઋષિ કુમારોએ વેદઘોષ દ્વારા રથયાત્રા નુ પ્રસ્થાન કરાવ્યું હતું. ભક્તોએ જય જગન્નાથના નારા સાથે પ્રભુને પાલખી દ્વારા નગર યાત્રા કાઢવામાં આવી હતી. મંદિર પરિસરમાં પૂજા આરતી કરીને રાષ્ટ્ર ઉન્નતિ ની પ્રાર્થના કરી હતી.

### પીટી સુરત જનરલ હોસ્પિ.માં તા.10થી 17 નિ:શુલ્ક નિદાન કેમ્પનું આયોજન

સુરતઃ "જન સેવા એજ પ્રભુ સેવા" એ સિદ્ધાંતને વરેલી શેઠ પી.ટી. સુરત જનરલ હોસ્પિટલમાં શહેરની જનતાના લાભાર્થે તા. ૧૦/૦૭/૨૦૨૪ થી ૧૩/૦૭/૨૦૨૪ નિ:શુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંખ તથા દાતના રોગની નિ:શુલ્ક તપાસ અને રાહત દરે ઓપરેશન કરવામાં આવશે. જેમાં આંખ વિભાગમાંડો. ઉમા મહેતા, દાંત વિભાગમાં ડો. રૂચી છતવાણી, દાંત વિભાગમાં ડો. દીપ શાહ સેવા આપશે. જ્યારે નિ:શુલ્ક નિદાન તથા રાહત દરે મોતિયાના ઓપરેશન (ટાંકા વગરનું ઓપરેશન) શ્રેષ્ઠ ભારતીય કંપનીનો ફોલ્ડેબલ લેન્સ તથા ઈમ્પોર્ટેડ લેન્સ અને દાંતની દરેક સારવારમાં ૨૦% રાહત આપવામાં આવશે.

## નવી સિવિલ હોસ્પિટલમાં વરસાદી પાણીથી ગંદકી



■ જ્યાં દર્દીઓ સારવાર માટે આવતા હોય તે સ્થળમાં સ્વચ્છતા જાળવવાના બદલે ચારેકોર વરસાદી ગંદકી ફેલાયેલી છે, આ છે સુરત સિવિલની તાસીર. તસવીર : સતીષ જાદવ

### અલ્ટીમો બંગલોઝ પ્રોજેક્ટના બિલ્ડર મેસર્સ ફ્રેન્ડ્સ ડેવલોપરના ભાગીદારોને ગ્રાહક કોર્ટની લપડાક

# 8 વર્ષ બાદ પણ બંગલાનું પઝેશન નહીં આપનાર બિલ્ડરને સુવિધાઓ સાથેનો બંગલો આપવા ગ્રાહક કોર્ટનો હુકમ

**માનસિક** ત્રાસના 1 લાખ રૂપિયા અને ખર્ચના 10 હજાર રૂપિયા અલગથી આપવા હુકમ

સુરતઃ અલ્ટીમો બંગલોઝ પ્રોજેક્ટના બિલ્ડર મેસર્સ ફ્રેન્ડ્સ ડેવલોપરના ભાગીદારોને ગ્રાહક કોર્ટની લપડાક મળી હતી. 2016માં ક્લાઈન્ટ પાસેથી રૂપિયા લીધાના 8 વર્ષ બાદ પણ બિલ્ડરોએ સુવિધા સાથેનો બંગલો ક્લાઈન્ટને ન આપતા ક્લાઈન્ટે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી.

કેસની વિગત એવી છે કે ફરિયાદી ઉમેશકુમાર ગુલાબભાઈ પટેલ છે. સામાવાળા તરીકે મેસર્સ ફ્રેન્ડ્સ ડેવલોપર-એક ભાગીદારી પેઢી, અને પેઢીના ભાગીદારો અમિતકુમાર ચંદ્રકાંત માલી, ધવલકુમાર જરીવાલા, ખ્યાતિ સ્નેહલ બોધાવાલા છે. તેઓએ અડાજણમાં અલ્ટીમો બંગલોઝ નામથી બંગલાના પ્રોજેક્ટનું આયોજન કર્યું હતું. જેમાં 18 મહિનામાં તમામ સુવિધાઓ સાથે બંગલાનો કબજો આપવાનો વિશ્વાસ અપાવતા ફરિયાદીએ તેમાં એક બંગલો ખરીદ્યો હતો. તેના અવેજ પેટે ફરિયાદીએ સામાવાળાને 62.70 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. પરંતુ 8 વર્ષ બાદ પણ આ પ્રોજેક્ટ પુર્ણ કર્યો ન હતો. તેથી ફરિયાદીને તમામ સુવિધાઓ સાથે રહેણાંક લાયક બંગલો મળ્યો ન હતો. જેના કારણે ફરિયાદીએ એડવોકેટ અજય વી.વેલાવાલા મારફત સામાવાળાઓ વિરૂદ્ધ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસ ચાલી ગયો હતો. કોર્ટે એડવોકેટ એજય વી.વેલાવાલાની દલીલો ગ્રાહ્ય રાખીને ફરિયાદીની ફરિયાદ મંજૂર કરીને હુકમની તારીખથી 60 દિવસમાં અલ્ટીમો બંગલોઝનો પ્રોજેક્ટ પૂર્ણ કરીને બીયુસી સર્ટિફિકેટ મેળવી આપવાનો હુકમ કર્યો હતો. ઉપરાંત માનસિક ત્રાસના 1 લાખ રૂપિયા અને ખર્ચના 10 હજાર રૂપિયા ચૂકવી આપવા પણ સામાવાળાઓને ગ્રાહક કોર્ટે હુકમ કર્યો હતો.

### અફલાતૂન રસ્તાઓ બનાવ્યાની વાતો વચ્ચે એક અઠવાડિયામાં 10 ભુવા પડયા

# ખાંડ બજાર ગરનાળા પાસે ભૂવો પડતા ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયાં

**24** કલાક ટ્રાફિકથી ધમધમતા ગરનાળા પાસે જમીનમાં મોટું પોલાણ સર્જાતા ભય ફેલાયો



સુરત : સુરતની ધરતી પોલી થઇ રહી હોય તેમ આ વખતે શહેરમાં ચોમાસાના પ્રારંભ સાથે જ રસ્તાઓ તૂટવાની સાથે સાથે ભુવાઓ પડવાના બનાવો વધી રહ્યાં હોય સુરત ભુવાઓનું શહેર બની ગયું હોય તેવી પ્રતિતિ થઇ રહી છે. કેમકે છેલ્લા એક અઠવાડિયામાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં 10 ભુવાઓ પડવાની ઘટનાઓ બની છે. ત્યારે આજે વરાછા રોડ પર ટ્રાફિકથી ધમધમતા ખાંડબજાર ગરનાળા પાસે રસ્તાની વચ્ચે જ ભુવો પડતાં મનપાનું તંત્ર અને ટ્રાફિક પોલીસ દોડતી થઈ ગઇ હતી. બીજી તરફ પીક અવર્સમાં ભુવાને પગલે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાતાં વાહન ચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા.

રાંદેર, અઠવા અને કતારગામ સહિતના ઝોન વિસ્તારોમાં રસ્તાઓ પર ભુવા પડવાની ઘટનાને પગલે પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર માછલાં ધોવામાં આવી રહ્યાં છે ત્યારે આજે વધુ એક ઘટનાને પગલે લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. 24 કલાક ટ્રાફિકથી ધમધમતાં સુર્યપુર ગરનાળામાં ભુવો પડતાં વાહન ચાલકો અને ખાસ કરીને ટુ વ્હીલર વાહન ચાલકોના માથે અકસ્માતનું જોખમ ઉભું થયું હતું. અલબત્ત, ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દોડતું થયું હતું. જીવલેણ અકસ્માતની સંભાવનાને ધ્યાને રાખીને હાલમાં ભુવાની આસપાસનો વિસ્તાર કોર્ડન કરી દેવામાં આવ્યો છે. જો કે, દર વર્ષે પ્રિ-મોન્સુન કામગીરીના નામે કરોડો રૂપિયાનું આંધણ કરવા છતાં શહેરમાં ઠેર - ઠેર ભુવા પડવાની ઘટનાને પગલે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ હવે ઉઠી રહ્યાં છે.

### બેડરૂમમાં ફાંસો ખાઈને આપઘાત કરનાર શિલ્પીકુમારીના કેસમાં

# કોર્ટમાં સ્ટેનો તરીકે ફરજ બજાવતા પતિ અને તેની બહેન સામે દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ

**દહેજમાં** કાર અને 5 લાખની માંગણી માટે પરિણીતાને ત્રાસ આપતા આપઘાત કર્યો હતો

સુરતઃ અઠવાલાઈન્સ ખાતે પ્રાંત હાઉસમાં રહેતા અને કોર્ટમાં નોકરી કરતા સ્ટેનો તથા તેની બહેન સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ થઈ છે. સ્ટેનો તેની પત્નીને દહેજમાં કાર અને 5 લાખ લઈ આવવા માટે ત્રાસ ગુજારતો હતો.

ઉમરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અઠવાલાઈન્સ પ્રાંત હાઉસમાં રહેતા નિતિન રાજ યાદવની પત્ની શિલ્પીકુમારીએ ગત તા ૭ જુલાઈના રોજ પોતાના બેડરૂમમાં ફાંસો ખાઇ આપઘાત કર્યો હતો. નિતિન પોતે કોર્ટમાં સ્ટેનો તરીકે નોકરી કરે છે. મૃતક શિલ્પીકુમારીના પિતા નૈમસિંહ કરનસિંહ યાદવ(રહે., ઉત્તરપ્રદેશના ઈટાવાના બસરીહરનું અડુપુર ગામ) એ ગઈકાલે જમાઈ નિતિન રાજ યાદવ અને તેની બહેન નેહા રાજ યાદવ (રહે, પ્રાંત હાઉસ અઠવાલાઈન્સ) ની સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. નિતિન ક્યારેય પણ પત્નીને તેના માતા પિતા સાથે વાત કરવા દેતો નહીં. સામે બેસીને જ માતા પિતા સાથે વાત કરવાની ફરજ પાડતો હતો. નિતિન અને તેની બહેન ભેગા મળીને શિલ્પીકુમારી સાથે અવાર નવાર દહેજ બાબતે તેમજ ઘરકામ બાબતે ઝઘડો કરતા હતા. અને પિયરમાંથી ફોરવ્હીલ ગાડી અને 5 લાખના દહેજની માંગણી કરી ત્રાસ આપતા હતા. પોલીસે આ અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.